# સૌરાષ્ટ્ર યુનિવર્સિટી

**પ્રિ-પરીક્ષા**

**યુનિવર્સિટી કેમ્પસ, યુનિવર્સિટી રોડ, રાજકોટ – ૩૬૦૦૦૫**

ફોનનં. (૦૨૮૧) ૨૫૭૮૫૦૧એક્સટે. નં. ૭૩૬, ૭૩૭, ૭૩૮ફેક્સનં. (૦૨૮૧) ૨૫૭૬૩૪૭ઈ–મેઈલ :exam01@sauuni.ac.in


નં.ક્રમાંક/પરીક્ષા/૦૧/૬૫૯/૨૦૨૫ તા.૨૨/૦૯/૨૦૨૫

**સંદર્ભ-૧: પરીક્ષા વિભાગ-૦૧ ની તા.૨૦/૦૮/૨૦૨૫ ની નોંધ માં મળેલ આદેશ મુજબ**

**પ રિ પ ત્ર**

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન કોલેજનાં આચાર્યશ્રીઓને જણાવવામાં આવે છે કે સ્નાતક કક્ષાના કોષ્ટક **(B)** પ્રમાણે **પરીક્ષાઓનાં** આવેદનપત્રો નિયત પરીક્ષા ફી સાથે ઓનલાઈન ભરવાનાં રહેશે.

**[A]** વિદ્યાર્થીઓનાં પરીક્ષા ફોર્મ સંસ્થાનાં લોગઈન મારફત એનરોલમેન્ટ નંબર દાખલ કરી પ્રિ-પ્રિન્ટેડ ફોર્મ ડાઉનલોડ/પ્રિન્ટ કરવાનાં રહેશે.સદર પરિપત્ર મુજબની ઓનલાઈન ફોર્મ ભરવા અંગેની કાર્યવાહી કોલેજ/સંસ્થા/ભવન દ્વારા પોતાનાં લોગઈન મારફત પુર્ણ કરીને ફી મેમો તેમજ ભરેલાં પરીક્ષા ફોર્મની યાદી **E-mail: exam01@sauuni.ac.in** પર તરત મોકલી આપવાની રહેશે.

કોલેજ લોગઈનમાં પ્રિ-એકઝામીનેશન મેનુની અંદર પ્રિ-એકઝામીનેશન ફોર્મ રીપોર્ટ નામનાં ઓપ્શનમાંથી પરીક્ષા ફોર્મની પ્રિન્ટ કરી શકશો. જેની વિગત નીચે મુજબ છે.

**[College Login => Pre-Examination => Pre-Examination Form Report]**

**તમામ કોલેજોએ exam.saurashtrauniversity.edu વેબસાઈટમાં ઓનલાઈન પરિક્ષા ફોર્મ ભરીને તેમાં જ ઓનલાઈન પેમેન્ટ કરવાનું રહેશે.**

**[B] પરીક્ષા ફોર્મ તારીખ – ફી**

| ક્રમ | પરીક્ષાનુ નામ | સેમેસ્ટર | ફોર્મ ભરવાની તારીખ | પરીક્ષા ફી |
|---|---|---|---|---|
| | ➢ Arts/Humanities | | | |
| 01 | BSW | 3 | 23-09-2025 TO 30-09-2025 | 520 |
| | ➢ SCIENCE/COMPSCI | | | |
| 01 | BCA | 3 | 23-09-2025 TO 30-09-2025 | 795 |
| 02 | BSC(IT) | 3 | 23-09-2025 TO 30-09-2025 | 850 |
| 03 | B.DESIGN | 3 | 23-09-2025 TO 30-09-2025 | 770 |

(૧) ઉપરોક્ત યાદીપ્રમાણે વિદ્યાર્થીઓનાં પરીક્ષાફોર્મ ઓનલાઈન ભરવાનાંરહેશે. જેનીખાસનોંધલેવી.

(૨) કોલેજ/સંસ્થા દ્વારા ઓનલાઈન આવેદન પત્ર ભરતા સમયે વિદ્યાર્થીનાં વિષય તથા અન્ય (જેમ કે વિદ્યાર્થીના નામ,વિષય, ફોટા, એનરોલમેન્ટ નંબર તમામ પ્રકારની ચકાસણી કરી લેવી જેથી બાદમાં સુધારા વધારા કરવા માટેની કોઈકાર્યવાહી કરવી પડે નહિ જેની તકેદારી લેવી તેના કારણે કે અન્ય કોઈ બાબતમાં ક્ષતિ જણાશે તો તે અંગે સંબંધીત કોલેજ/સંસ્થા/ભવન જવાબદાર રહેશે. તેમાં યુનિવર્સિટીની કોઈ જવાબદારી રહેશે નહિ.

(૩) ઉપરોક્ત પરીક્ષાઓ માટે ઓનલાઈન પરીક્ષા ફોર્મ કોલેજ/સંસ્થા પોતાના લોગઈન મારફતે વેબસાઈટ પર ભરવાના રહેશે. આપની સંસ્થામાં આગામી પરીક્ષાઓમાં આપનાર અભ્યાસક્રમ-સેમેસ્ટર દીઠ રેગ્યુલર–રીપીટર દીઠ વિદ્યાર્થીઓની સંખ્યા પ્રમાણે વિગતો ઓનલાઈન ભરી,ફી મેમો જનરેટ કરી ઓનલાઈન ફી પેમેન્ટ કરવાનું રહેશે. ઓફ લાઈન પેમેન્ટ કોઈપણ સંજોગોમાં સ્વીકારવામાં આવશે નહી.યુનિવર્સિટી વેબસાઈટમાં ઓનલાઈન એન્ટ્રી નિયત તારીખ સુધીમાં કરીફીમેમોઅંગેની યાદી તેમજ

ઓનલાઈન ભરાયેલ વિદ્યાર્થીની યાદીની પ્રિન્ટexam01@sauuni.ac.inઈ-મેઈલ મારફત યુનિવર્સિટી કાર્યાલયમાંપરીક્ષાફોર્મની લેઈટ ફી ની છેલ્લી તારીખ બાદ ત્રણ (૩) દિવસ સુધીમાં મળી જાય તેવી વ્યવસ્થા કરવાની રહેશે. દરેક અભ્યાસક્રમ-સેમેસ્ટર દીઠ ચલણ તથા ફી ની રકમ અલગ અલગ જમા કરાવવાની રહેશે.

(૪) જે વિદ્યાર્થીઓએ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની થિયરી (Theory) પરીક્ષા પાસ કરેલ હોય પરંતુ માત્ર આંતરિક (Internal) પરીક્ષા જ પાસ કરવાની બાકી હોય તેવા વિદ્યાર્થીઓએ પણ સંબંધિત સેમેસ્ટરના પરીક્ષા ફોર્મ અચૂક ભરવાના રહેશે તેમજ જે તે સંસ્થા દ્વારા તે રીપીટર વિદ્યાર્થીઓની નિયમાનુસાર આંતરિક પરીક્ષા લઈને યુનિવર્સિટીને નિયત તારીખ સુધીમાં આંતરિક ગુણ ની ઓનલાઈન એંન્ટ્રી કરીને મોકલી આપવાના રહેશે. યુનિવર્સિટીની પરીક્ષા શરુ થયા બાદ આવા કોઈપણ ફોર્મ સ્વીકારી શકાશે નહિ જેની નોંધ ખાસ નોંધ લેવી.

(૫) વિદ્યાર્થીઓ દ્વારા ભરાયેલા આવેદનપત્રો સંબંધીત કોલેજ/સંસ્થા/ભવન દ્વારા ચાલુ સત્ર તેમજ ત્યારબાદનાં એક સત્ર સુધી સાચવી રાખવાનાં રહેશે.

(૬) ઉપર કોષ્ટક મુજબ દર્શાવેલ પરીક્ષામાં જે વિષયોમા યુનિવર્સિટી દ્વારા પ્રાયોગિક પરીક્ષાની ફી લેવામાં આવતી હોય તે વિષયો માટે યુનિવર્સિટી દ્વારા નિયત કરેલી ફી લેવાની રહેશે

**► આ સાથે યુ.જી. સેમે-૦૩ ની તમાંમ ફેકલ્ટીનાં કોલેજ ટુ કોલેજ ટ્રાન્સફર તા. ૨૩-૦૯-૨૦૨૫ થી તા. ૨૭-૦૯-૨૦૨૫ દિવસ ૪ માટે ઓપન કરી આપેલ છે જે તા. ૨૭-૦૯-૨૦૨૫ ની તારીખ પુરી થયા બાદ તા.૨૯-૦૯-૨૦૨૫ ના ફરજીયાત પરીક્ષા વિભાગ-૦૧ ને પહોચતા કરવાના રહેશે. જો ૨૯-૦૯-૨૦૨૫ સુધીમા કોલેજ દ્વારા પહોચાડવામાં આવશે નહી તો તે ટ્રાન્સફર ની પ્રકીયા થઇ શકશે નહી જેની સંપુર્ણ જવાબદારી જે તે કોલેજની રહેશે.◄**

**►ઉપરોકત પરીક્ષાની સંભવિત તારીખ ૨૫-૧૧-૨૦૨૫ રહેશે.◄**

પરીક્ષા નિયામક

પ્રતિ,

૧. સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન ઉપર દર્શાવેલ વિધાશાખાના આચાર્યશ્રીઓ તરફ

૨. પરીક્ષા વિભાગના તમાંમ વિભાગીય અધિકારી તરફ

૩. પરીક્ષા કોમ્પ્યુટર જાણ તથા યોગ્ય કાર્યવાહી અર્થે

નકલ રવાના:

માનનીય કુલપતિશ્રી/કુલસચિવશ્રીનાં અંગત સચિવશ્રી તરફ